सत्यमेव जयते

**"ગીર" ફાઉન્ડેશન**

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન


આર.ડી. કમ્બોજ, *ભાવસે*

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક અને નિયામક


ક્રમાંક:ઈ.ઈ./વાય.ઈ.એ-૨૦૧૭/૧૨/બ-૭૯૮૯ ૨૦૧૭-૧૮ તા: ૦૬-૦૭-૨૦૧૭

પ્રતિ,

નાયબ વન સંરક્ષકશ્રી,

સંબંધિત તમામ

**વિષય: જિલ્લા યુવા ઈકો ઍમ્બૅસેડર – ૨૦૧૭ બાબત**

છેલ્લા આઠ વર્ષથી ગુજરાત રાજ્યમાં "ગીર" ફાઉન્ડેશન અને ગુજરાત વન વિભાગના સહિયારા પ્રયાસથી નૅશનલ ગ્રીન કૉર યોજના હેઠળ યુવા જિલ્લા ઈકો ઍમ્બૅસેડરની પસંદગી કરવામાં આવે છે અને પસંદગી પામેલા જિલ્લા યુવા ઈકો ઍમ્બૅસેડર માટેની ખાસ શૈક્ષણિક શિબિરનું આયોજન "ગીર" ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે. જિલ્લા ઈકો ઍમ્બૅસેડર વિશે ટૂંકી વિગત આપના સંદર્ભ સારુ આ સાથે પરિશિષ્ઠ – ૧ થી સામેલ છે. પ્રતિ વર્ષની જેમ વર્ષ ૨૦૧૭-૧૮ માટે પણ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે ઈકો ક્લબ ધરાવતી શાળાઓમાં તાલુકા કક્ષાએ અને ત્યારબાદ જિલ્લા કક્ષાએ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરી પ્રત્યેક જિલ્લામાંથી એક યુવા ઈકો ઍમ્બૅસેડરની પસંદગી કરવાની થાય છે. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને આયોજન નીચે પ્રમાણે છે.

**જિલ્લા યુવા ઈકો ઍમ્બૅસેડર પસંદ કરવા માટેની સ્પર્ધાની રૂપરેખા**

(૧) **સૂચિત સ્પર્ધા**

- વક્તૃત્વ સ્પર્ધા (ધો. ૭ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે)

(૨) **સૂચિત વિષયો:**

- સર્વે સારુ સાતત્યપૂર્ણ ઉર્જા – Sustainable Energy for All
- સાતાત્યપૂર્ણ વિકાસ માટે જૈવિક વિવિધતા – Biodiversity for Sustainable Development
- સાતાત્યપૂર્ણ વિકાસ માટે સાતાત્યપૂર્ણ જીવનશૈલી – Sustainable Lifestyle for Sustainable Development
- રણ અને ક્ષારીકરણ સામે પ્રતિકાર – Deserts and the Fight against Desertification
- વિકાસ માટે સાતત્યપૂર્ણ પ્રવાસન – Sustainable Tourism for Development

***નોંધ: જિલ્લા મુલ્યાંકન અને અમલીકરણ સમિતિના પરામર્શથી અને જિલ્લાની પરિસ્થિતિને અનુરૂપ સ્પર્ધા માટેનો વિષય ઉપરોક્ત સૂચિત વિષયમાંથી નિયત કરી શકશે. સ્પર્ધાના પરિણામની અત્રે જાણ કરતા સમયે તેમણે યોજેલ સ્પર્ધાના વિષયવસ્તુની જાણ કરવાની રહેશે.***

(૩) **સ્પર્ધા યોજવાની પદ્ધતિ તથા સમયપત્રક:**

- **તાલુકા કક્ષાએ:** પ્રથમ તબક્કે તાલુકા કક્ષાએ સ્પર્ધા યોજાશે. તાલુકા કક્ષાએ વિજેતા થયેલા પ્રથમ ત્રણ વિજેતાઓ જિલ્લા કક્ષાએ ભાગ લેશે.
- **જિલ્લા કક્ષાએ:** તાલુકા કક્ષાએ પસંદ થયેલ સ્પર્ધકોની સ્પર્ધા જે તે જિલ્લાના નાયબ વન સંરક્ષકશ્રી, જિલ્લા કક્ષાએ યોજશે.

  ***નોંધ: તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ કરવાની થતી હરિફાઈ જિલ્લા સંકલનકારશ્રી, તથા જે તે તાલુકાના ક્ષેત્રીય અધિકારીશ્રી, ક્ષેત્રીય જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મદદનીશ વન સંરક્ષકશ્રીઓના અસરકારક સંકલનથી કરવી.***
- તાલુકા અને ત્યાર બાદ જિલ્લા કક્ષાની સ્પર્ધા ૧૫-૦૯-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરી લેવી.
- પ્રત્યેક જિલ્લામાંથી જે તે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં **પ્રથમ આવેલ વિદ્યાર્થીને** જિલ્લા ઈકો ઍમ્બૅસેડર તરીકે ઘોષિત કરવાના રહેશે.

- સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રી દ્વારા જિલ્લા કક્ષાએ પસંદ કારાયેલ વિજેતા ની વિગતો નૉમિનેશન ફોર્મમાં ભરીને તા. ૩૦-૦૯-૨૦૧૭ સુધીમાં "ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે મોકલી આપવી.

*નોંધ: એન.જી.સી યોજના અંતર્ગત પારિસ્થિતિકીય શિક્ષણ (ઈકોલોજીકલ એજ્યુકેશન) નો હેતુ વધુમાં વધુ વિદ્યાર્થીઓને આ પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લેવા પ્રોત્સાહિત કરવાનો છે. આ હેતુને અનુરૂપ પ્રત્યેક વર્ષ દરેક જિલ્લામાંથી નવા યંગ ઈકો ઍમ્બૅસેડર પસંદ થાય તે હિતાવહ છે. આથી અગાઉના વર્ષોમાં જે યંગ ઈકો ઍમ્બૅસેડર નિયત થયા હતા તેઓને આ વર્ષ ૨૦૧૭-૧૮ ના યુવા ઈકો ઍમ્બૅસેડર જાહેર કરવાના થતા નથી.. આશા રાખવામાં આવે છે કે તાલુકા તથા જિલ્લા કક્ષાએ પર્યાપ્ત તથા સફળ સ્પર્ધા દ્વારા "જિલ્લા યુવા ઈકો ઍમ્બૅસેડર" ની પસંદગી થાય તેવી સઘન કાર્યવાહી સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રીઓ દ્વારા કરવામાં આવશે.*

**(૪) પ્રકૃતિ શિક્ષણ શિબિર:**

- પ્રત્યેક જિલ્લામાંથી પસંદ કરાયેલ જિલ્લા યુવા ઈકો ઍમ્બૅસેડરે "ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા આયોજિત ખાસ શૈક્ષણિક શિબિરમાં ભાગ લેવા આવવાનું રહેશે. શિબિરની તારીખ તથા કાર્યક્રમની રૂપરેખા અત્રેથી જાણ કરવામાં આવશે.

"ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર તરફથી આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન શ્રી. ડી.સી. મહેતા, નાયબ નિયામકશ્રી (ઈ.ઈ), "ગીર" ફાઉન્ડેશન ના સંકલન નીચે શ્રી વાય.ડી. પરમાર, મવસશ્રી (ઈ.ઈ), "ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર કરશે.

સદરહુ કાર્યક્રમ ગત વર્ષોની જેમ સમગ્ર રાજ્યમાં સફળતા પૂર્વક યોજાય તથા બધા જિલ્લાના વિજેતા વિદ્યાર્થીઓ અત્રેના પ્રકૃતિ ઉદ્યાન ખાતે યોજાનાર શિબિરમાં ભાગ લઈ શકે તે માટે સુયોજિત કાર્યક્રમો સમયસર પૂર્ણ કરવા વિનંતી છે.

આભાર સહ,

-સહિ-
(આર.ડી. કમ્બોજ)
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક તથા નિયામક,
"ગીર" ફાઉન્ડેશન

**નકલ સાદર રવાના**

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી / એચ.ઓ.એફ.એફ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વાઇલ્ડલાઈફ / ચીફ વાઇલ્ડલાઈફ વોર્ડન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**નકલ સવિનય રવાના**

- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજિક વનીકરણ યોજના, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**નકલ રવાના**

- જિલ્લા કલેક્ટરશ્રી, સંબંધિત તમામ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સંબંધિત તમામ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ
- જિલ્લા સંકલનકારશ્રી, સંબંધિત તમામ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ
- નાયબ નિયામકશ્રી ઈ.ઈ , "ગીર", ફાઉન્ડેશન, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ
- નાયબ નિયામકશ્રી આર એન્ડ ડી., , "ગીર", ફાઉન્ડેશન, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ
- શ્રી વાય.ડી. પરમાર, મદદનીશ વન સંરક્ષકશ્રી (ઈઈ), "ગીર", ફાઉન્ડેશન, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ

**બિડાણ:** (૧) જિલ્લા ઈકો ઍમ્બૅસેડર વિશે ટૂંકી વિગત (૨) નૉમિનેશન ફોર્મ

## <u>વિભાવના નોંધ</u>

### નૅશનલ ગ્રીન કૉર (એન.જી.સી) તથા જિલ્લા યુવા ઈકો ઍમ્બૅસેડર

જાન્યુઆરી 2001 માં કોઈમ્બતુર ખાતે વન અને પર્યાવરણ મંત્રાલયના મંત્રીશ્રીઓ તેમજ અધિકારીઓની મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં પર્યાવરણ અંગે શિક્ષણ અને જાગૃતિ અંગે રાષ્ટ્રિય કાર્યક્રમ હોવા અંગે ભલામણ કરવામાં આવી હતી. જેના અનુસંધાને શાળાના બાળકોમાં પર્યાવરણ અંગે જાગૃતિ લાવવા તેમજ સંવેદનશીલતા લાવવા માટે "નૅશનલ ગ્રીન કૉર" યોજના અમલમાં આવી. જેના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે:

- બાળકો પર્યાવરણ, પારિસ્થિતિકીય બાબતો અને પર્યાવરણીય સમસ્યાઓને સમજે
- સમાજમાં પર્યાવરણ અંગે જાગૃતિ લાવવા શાળાના બાળકો અનન્ય માધ્યમ બને
- પર્યાવરણ અને વિકાસ સંબંધિ ક્ષેત્રોમાં નિર્ણયોની પ્રક્રિયામાં બાળકોને સામેલ થવા પ્રોત્સાહિત કરવા
- સમાજ જે પર્યાવરણીય સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તેવી સમસ્યાઓ સાથે બાળકોને સીધા સંપર્કમાં લાવવા અને આવી પર્યાવરણીય સમસ્યાઓનો ઉકેલ શોધવા માટે બાળકોને પ્રોત્સાહિત કરવા વિગેરે

આ બાબતોને ધ્યાન પર રાખીને શરૂ થયેલ એન.જી.સી કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માં માહે ઑગષ્ટ-૨૦૦૯ માં "જીવદયા સપ્તાહ" ના કાર્યક્રમ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી જિલ્લામાંથી પસંદ કરાયેલ એક વિદ્યાર્થીને "જિલ્લા યુવા ઈકો ઍમ્બૅસેડર" તરીકે પસંદ કરવાનું શરૂ કરવામાં આવ્યું. ત્યારબાદ ગુજરાત વન વિભાગના જિલ્લા સ્તરના એકમો દ્વારા પ્રતિવર્ષ વન્યજીવ સપ્તાહ ની ઉજવણી પહેલા દરેક જિલ્લામાં તાલુકા કક્ષાએ અને પછી રાજ્ય કક્ષાએ વિવિધ સ્પર્ધાઓના માધ્યમથી જિલ્લામાં એક વિદ્યાર્થીને પસંદ કરવામાં આવે છે. પસંદ કરાયેલ વિદ્યાર્થીઓ નિયત કરાયેલ તારીખ દરમિયાન "ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે યોજવામાં આવતી ખાસ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લે છે. આ કાર્યક્રમનો હેતુ નીચે મુજબ છે.

- પ્રતિવર્ષ પારિસ્થિતિકીય વિદ્યા, જૈવ વૈવિધ્ય તથા પર્યાવરણને લગત પસંદ કરાયેલ વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓનું જ્ઞાન તથા જાણકારી વધે

પસંદ કરાયેલ વિદ્યાર્થીઓ એક જગ્યા પર અને એક મંચ પર એકઠા થઈ તેમની આસપાસના પર્યાવરણ અને પર્યાવરણીય સમસ્યાઓ વિશે ચિંતન અને મનન કરે છે તેમજ પર્યાવરણ સંરક્ષણના સંદેશને પ્રસાર કરી લોક જાગૃતિ કેળવવામાં સહભાગી બને છે.

# YOUNG ECO AMBASSADOR
# 2017-18
# NOMINATION FORM

GEER FOUNDATION

NATIONAL GREEN CORPS GUJARAT

[સ્પર્ધાત્મક પ્રક્રિયાથી પસંદ થયેલ યુવા ઈકો એમ્બેસેડરના નામાંકનની જાણ કરતી વિગતોનું પત્રક]

**Passport Photograph**

ખાસ નોંધ:

- ફોર્મમાં માંગવામાં આવેલ વિગતો અંગ્રેજીમાં સુવાચ્ય અક્ષરોમાં કેપિટલ અક્ષરોમાં જ આપવી
- “ * ” નિશાની વાળી વિગતો આપવી ફરજીયાત છે

*** DISTRICT YOUNG ECO AMBASSADOR OF ________________________ DISTRICT**

*** SUBJECT OF THE COMPETITION: ________________________**

## PERSONAL DETAILS

| | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| *** SURNAME:** | | | | | | | | | | | | | | | | | | | | | |
| *** NAME** | | | | | | | | | | | | | | | | | | | | | |
| *** FATHER NAME:** | | | | | | | | | | | | | | | | | | | | | |

*** DATE OF BIRTH:** *** STANDARD:**

*** HOME ADDRESS (PERMANENT ADDRESS):**

*** CITY:** *** PINCODE:**

*** TALUKA:** *** DISTRICT:**

*** MOBILE:**

**E-MAIL:**

## SCHOOL DETAILS

*** NAME:**

*** ADDRESS:**

*** CITY:** *** PINCODE:**

*** TALUKA:** *** DISTRICT:**

**PHONE:**

**E-MAIL:**

**Signature and Stamp**
**of District Authority**
**(Deputy Conservator of Forests)**

| List of NGC District Coordinators of the State | | | | | |
|---|---|---|---|---|---|
| Sr. No. | Name | District | Phone No | Mobile No | Email |
| 1 | Shri Vikrambhai Pagi | Ahmedabad | (H) 079-26814878 | 9426408225 | vikram.sarus59@gmail.com |
| 2 | Shri Ajitsinh B Gohel | Amreli | (O) 02796-246386 | 9426938411 | ajitsinh2009@gmail.com |
| 3 | Shri Gunvantbhai Valand | Anand | (O) 02692-232099 | 9879556491 | kashyapparekh99@gmail.com |
| 4 | Shri Prakashbhai Prajapati | Banaskantha | 02742 | 9427570131 | prakashprajapati27208@gmail.com |
| 5 | Shri Manharbhai Nayak | Bharuch | 02642-226066, 238811, 395168 | 9428722133, 9824183810 | |
| 6 | Shri Clemant Butlar | Bhavnagar | (0278) 2515698 | 9428856478, 9898005036 | clementbutler@gmail.com |
| 7 | Shri Hitesh Chauhan | Chhota Udepur | | 9979396411, 9426496411 | sfhs.cu@gmail.com |
| 8 | Shri Prakashbhai Rathod | Dahod | 02673 - (O) 220042 | 9426748887 | pmrecodhd@gmail.com |
| 9 | Shri D.B. More | Dang | 02631 - (O) 220260 (H) 220108 | 9427173379 | |
| 10 | Shri Kishorsinh Padhiyar | Gandhinagar | | 9426247788 | kishorsinh.gns@gmail.com |
| 11 | Shri M.M. Gohil | Junagadh | 0285 | 9427239864, 9428928963 | mmgohel4851@gmail.com |
| 12 | Shri Hasmukh Kumbharana | Jamnagar | (0288) 2670673 | 9427284073 | hjkumbharana@gmail.com |
| 13 | Shri Rameshbhai Pandya | Junagadh | (O285) 2631598 | | |
| 14 | Shri K.N. Soni | Kachchh | 02832 - 250156 | 9428818557 | tabkishor@gmail.com |
| 15 | Shri Deshalbhai Pagi | Ahmedabad | | 9427045889, 7041691656 | deshalpagisarus@gmail.com |
| 16 | Shri Dharmendrakumar Thakar | Mehsana | 02763 - 220068 | 9426036642 | thakardharmendra1975@gmail.com |
| 17 | Shri Bhupendrabhai Patel | Narmada | (02640) | 9909205585 | mmakrani8@gmail.com |
| 18 | Shri Rasiklal Raval | Valsad | 02632 - 2460041 | 9427174299 | |
| 19 | Shri Jayeshbhai Vyas | Patan | 02766 - (O) 220660 (H) 222131 | 9978191600 | vmdaveschool@yahoo.com |
| 20 | Shri Ketanbhai Monani | Porbandar | 0286 - 2246267 | 9924991992 | ketanmonani2012@gmail.com |
| 21 | Shri Vinodbhai Pandya | Rajkot | 0281- | 9428274950 | pandyavinod@yahoo.co.in |
| 22 | Shri Girishbhai Dave | Rajkot | (H) 02826-274419, 02826-274264 | 9426784264 | girishdave54@gmail.com, girishcity@gmail.com |
| 23 | Shri Hitesh Dave | Rajkot | (H) 0281-224399 | 9825516499, 9909987711 | hitesh.lovenature@gmail.com |
| 24 | Shri Girishbhai Vyas | Sabarkantha | 02772 - 231878 | 9426727671 | gmvyas156@gmail.com |
| 25 | Shri Viralbhai Prajapati | Surat | 0261 | 9427630991, 9978930991 | gypsindia@gmail.com |
| 26 | Shri Devjibhai Dhamecha | Surendranagar | 02754 - (H) 280560 | 9825548090 | ecotourcamp@gmail.com |
| 27 | Shri Yogesh Patel | Tapi | | 9427163730 | gksmtrust@gksmtrust.org, gksmtrust@yahoo.co.in |
| 28 | Shri Banshibhai Shah | Vadodara | (0265) 2511327 | 9998764526 | |
| 29 | Shri Kanubhai Patel | Valsad | (0260) O - 2421720 H - 2511327 | 9375829993, 9427194299 | |